**કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલ (પંચમહાલ) ખાતે બં. અ. કૃષિ મહાવિધાલય, આ.કૃ.યુ., આણંદના B.Sc. (Agri.) ના સાતમાં સેમેસ્ટરના વિદ્યાર્થીઓની મુલાકાત તેમજ માર્ગદર્શન**

---

બં. અ. કૃષિ મહાવિધાલય,આ.કૃ.યુ., આણંદના B.Sc. (Agri.) ના સાતમાં સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ તા.૨૯,૩૦,૩૧/૦૮/૨૦૧૯ ના રોજ RAWEP પ્રોગ્રામ અંતર્ગત આણદં કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલ (પંચમહાલ)ની મુકાલાત લીધેલ.

કેન્દ્રની મુલાકાતે આવેલ વિદ્યાર્થીઓને શરૂઆતમા ડૉ. આર. જી. મછાર (યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક) એ કેન્દ્રનો પરીચય તેમજ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન યોજનાઓમાં લેવાતા જુદા જુદા પાકના અખતરાઓ તથા મગફળીના બ્રીડર બીજ ઉત્પાદન (જી.જી.-૩૪) વિશે માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ શ્રી સી. બી. ડામોર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(વિસ્તરણ) એ કેન્દ્ર ખાતેની ચાલતી વિસ્તરણની પ્રવૃત્તિઓ તેમજ મકાઈના અખતરાઓ અંગે વિસ્તૃત માહિતી આપી.

શ્રી જી. ડી. હડિયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(કીટકશાસ્ત્ર) એ ખરીફ ઋતુમાં લેવામાં આવેલ પાક સંરક્ષણના અખતરાઓ તેમજ મકાઈ પાકમાં આવેલ નવી જીવાત ફોલ આર્મી વોર્મ (પુંછડે ચાર ટપકા વાળી લશ્કરી ઈયળ) વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી.

શ્રી આર. વી. હજારી અને શ્રી આર.એલ.ચવધરી, ખેતી અધિકારીએ ફાર્મવિઝીટ કરાવી દિવેલા GCH -7 ના બીજ ઉત્પાદન કાર્યક્રમ વિષે માહિતી આપી.










